જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૬/૧૦/૨૦૧૮ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૧૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી, ૬૦ વ્યક્તિઓને ઝડપી, ૬૯ લીટર દેશી દારૂ, ૪૦૪ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૭૫ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૩ વ્યક્તિઓની અટક કરી રોકડ રૂપિયા ૪૦,૩૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૨૦/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૨૧/૧૮**

**એલીસબ્રીજઃ** જીગ્નેશભાઈ રમેશચંદ્ર શાહ (રહે. તપોવન સોસાયટી માણેકબાગ હોલ પાછળ આંબાવાડી) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૧૮ રાતના ૯/૩૦ થી ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન એલીસબ્રીજ આંબાવાડી જી.એસ.ટી. ઓફીસની સામે શ્યામલ કોમ્પલેક્ષ ખાતે આવેલ પોતાની ઓફીસના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ તિજોરીની ચોરી કરી લઈ ગઈ છે. જે તિજોરીમાં રોકડ રૂપિયા ૨,૩૦,૦૦૦/- તેમજ અલગ-અલગ વિદેશી ચલણની જુદા-જુદા દરની નોટ હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.એસ.પટેલ ચલાવે છે.

**લુટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૦૨૨/૧૮**

**શાહપુરઃ** ધવલભાઇ રમેશભાઇ શાહ (ઉ.વ.૩૨) (રહે. બોરસલ્લી એપાર્ટમેન્ટ શાહપુર) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૦/૧૮ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે ખાનપુર પટેલ સોસાયટી આગળ પોતાની કાર પાર્ક કરતા હતા ત્યારે રોંગ સાઈડમાં મોટર સાયકલ ઉપર આવેલ ચાર પુરૂષોને ધવલભાઈએ રોંગ સાઈડ મોટર સાયકલ ચલાવતા કાર અથડાઈ જવાના સંભવે ટકોર કરતા ચારેય પુરૂષોએ ધવલભાઈને ગડદાપાટુનો માર મારી ધવલભાઈના ગળામાંથી સોનાની ચેઈન તથા તેમના પત્નીના ગળામાંથી સોનાની ચેઈન અને કાનની સોનાની બુટ્ટી મળી કુલ કિમત રૂપિયા ૪૧,૫૦૦/- મતાની લુંટ કરી કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.કે.ગમાર ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૨૩/૧૮</u>**

**સાબરમતીઃ** અશોકભાઇ રૂપચંદભાઇ શાહ (ઉ.વ.૭૦) (રહે.નવબંગલા કામધેનુ એપાર્ટમેન્ટ સામે રામનગર સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૧૮ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ખુલ્લા મકાનમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૧,૨૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જે.દેસાઈ ચલાવે છે.

**<u>સોનાનુ મંગળસુત્ર/ સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૨૪/૧૮</u>**

**સોલા હાઈકોર્ટઃ** નીલીમાબહેન વા/ઓ ચિંતામણીભાઇ ગદરે (ઉ.વ.૬૨) (રહે. હારમની હાઇસ્ટસ હેતાર્થ પાર્ટી પ્લોટની ગલીમા સાયન્સસીટી રોડ સોલા) તા.૦૩/૧૦/૧૮ કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે સોલા સાયન્સસીટી રોડ તક્ષશીલા બંગ્લોઝના ગેટ પાસે હેતાર્થ પાર્ટી પ્લોટની ગલીમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ નીલીમાબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ નીલીમાબહેન ગદરેએ તા.૧૫/૧૦/૧૮ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.યુ.પાડવી ચલાવે છે.

**નવરંગપુરાઃ** શશીબેન વા/ઓ ઇન્દ્રવદનભાઇ (ઉ.વ.૬૨) (રહે. પારસનગર વિભાગ-૧ સોલા રોડ નારણપુરા) તા.૧૪/૧૦/૧૮ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે નવરંગપુરા એડોર બીલ્ડીંગની સામે સુવાસ કોલોની ત્રણ રસ્તા નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શશીબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૨,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શશીબહેને નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી યુ.જે.જોષી ચલાવે છે.

**સરદારનગરઃ** ઈન્દ્રલાલ સ/ઓફ કિસોમલ આહુજા (ઉ.વ.૫૯) (રહે. કૃષ્ણધામ સોસાયટી રવી પેટ્રોલ પંપની બાજુમા હાંસોલ સરદારનગર) તા.૧૫/૧૦/૧૮ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે ગેલેક્ષી અંડરબ્રીજ પાસે રાધા સ્વામી સોસાયટી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ઈન્દ્રલાલ આહુજાના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ઈન્દ્રલાલ આહુજાએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૨૫/૧૮</u>**

**નરોડાઃ** આરતીબહેન પુનમગીરી ગોસ્વામી (રહે. જુના હનુમાન મંદિર નાના ચિલોડા નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૦/૧૮ કલાક ૧૦/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી યોગેશભાઇ સેમ્યુલભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.